અભ્યાત તીવ્ર હોય તો
ત્વરિત અને મધ્યમ હોય
તો મોડેથી પણ ફળ
પ્રાપ્તિ તો થાય જ છે
- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૨ | ૧ જુલાઇ ૨૦૧૨, રવિવાર, અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગાંધીનગર તાલુકા પંચાયતની બેઠક તોફાની બની




## સામાન્યસભામાં ગેરહાજર રહેનાર અધિકારીઓ સામે પ્રસ્તાવ કરી ખુલાસો માંગવાનો લેવામાં આવેલો નિર્ણય

ગાંધીનગર, તા.૩૦ ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં તંત્રની નિષ્ક્રીયતાને મુદ્દે સત્તાધારી અને વિપક્ષના સભ્યોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો.

તાલુકા પંચાયતની આજે મળેલ બેઠકના પ્રારંભે જ અધિકારીઓની ગેરહાજરીને લઈ સભ્યો ઉકળી ઉઠયા હતા અને સભાનું અવમાન કરવા બરાબર લેખાવ્યું હતું. વારંવારની અધિકારીઓની ગેરહાજરી અંગે સભ્યોમાં નારાજગી પ્રવર્તતી હતી જે આજે હોઠ પર આવી જવા પામી હતી. સભ્યોના રોષને પારખી ગયેલા તાલુકા વિકાસ અધિકારી શ્રી તુવરે સ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ તેમાં નિષ્ફળ રહ્યા હતા. સભ્યોએ આ અંગે પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો એટલું જ નહિ

● અનુસંધાન પાન-૭ પર







